**<u>મહે. પ્રિન્સિપાલ ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં,</u>**
**<u>મુકામ:-આણંદ.</u>**

**<u>ફોજદારી પર.અ.નં.૧૦૮/૨૦૨૬</u>**

**અરજદારઃ** **સરકારશ્રી**

**વિ રૂ ધ્ધ**

**સામાવાળાઃ** આશાબેન રાજેશભાઈ પરમાર
રહે.ભાથીજી મંદિર પાસે, રામપુરા,સામરખા,
મુ.પો.સામરખા,તા.જિ. આણંદ.

**<u>બાબતઃ</u>** <u>લીમીટિશન એકટની કલમ- ૫ મુજબ વિલંબ માફીની અરજી અંગે.</u>

---

અરજદાર તરફે વિદ્વાન એડિશનલ પબ્લિક પ્રોસેક્યુટર શ્રી એ.એસ.જાડેજા.
સામાવાળા તરફે વિદ્વાન વકીલ શ્રી જી.જે. સોલંકી.

---

**<u>-: હુ ક મ :-</u>**

(૧) અરજદાર સરકાર તરફે હાલની અરજી કરી આણંદના વિદ્વાન બીજા એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીએ ઈન્કવાયરી નં.૪૪/૨૦૨૨ ના કામે તા.૨૬-૦૮-૨૦૨૫ ના રોજ અરજદારની આંકઃ ૧ લગતની અરજી હેઠળ કરેલ હુકમ સામે રીવીઝન કરવામાં થયેલ ૬૭ દિવસનો વિલંબ દરગુજર કરવા અરજ કરેલ છે.

(૨) અરજદાર તરફે વિદ્વાન સરકારી વકીલશ્રીએ અરજીમાં દર્શાવેલ કારણો ઉપર આધાર રાખી તેને અનુરૂપ દલીલ કરેલ છે અને જણાવેલ છે કે, રીવીઝન દાખલ કરવા કલેકટરશ્રીને તારીખઃ ૧૮-૧૦-૨૦૨૫ ના રોજ દરખાસ્ત કરેલી અને તારીખઃ

૦૯–૧૨–૨૦૨૫ ના રોજ રીવીઝન દાખલ કરવા મંજૂરી મળેલી. ટ્રાયલ કોર્ટે તારીખઃ ૨૬–૦૮–૨૦૨૫ ના રોજ હુકમ કરેલ હોઈ ૯૦ દિવસમાં તારીખઃ ૨૪–૧૧–૨૦૨૫ સુધીમાં રીવીઝન દાખલ કરવી પડે, પરંતુ સરકારી કચેરીની પરમીશનો અને પ્રોસીઝર સિવાય રીવીઝન દાખલ કરી શકાય તેમ ના હોય સમયમર્યાદામાં રીવીઝન દાખલ કરી શકાયેલ નથી અને ૬૭ દિવસનો વિલંબ થયેલ છે જે દરગુજર કરી રીવીઝન દાખલ કરવા પરવાનગી આપવા અરજ કરેલ છે.

(૩) અરજી વંચાણે લીધી. પક્ષકારના વિ. વકીલશ્રીઓની રજૂઆતો ધ્યાને લીધી તેમજ રેકર્ડ વંચાણે લીધું. સદર અરજી ઉપર સામાવાળાએ અરજદારની સદર અરજી મંજૂર કરવા સામે આંકઃ ૬ થી લેખિત જવાબ રજૂ રાખી વાંધા લીધેલ છે, જે વંચાણે લીધા. આમ અરજદારની અરજીની હકીકતો, સામાવાળાએ લીધેલ વાંધા તેમજ સમયમર્યાદા અધિનિયમની જોગવાઈઓને ધ્યાને લેતાં પક્ષકારોની અરજી ટેકનિકલ કારણોસર રદ ન કરતાં અને અપીલના કામે કાયદાકિય રજૂઆત કરવાની તક મળી રહે અને અપીલનો ગુણદોષ ઉપર નિકાલ થાય તે માટે અપીલ દાખલ કરવામાં જે વિલંબ થયેલ છે, તે અક્ષમ્ય હોવાનું જણાતું ન હોઈ અને ન્યાયના હિતમાં વિલંબને હળવાશથી લેવો જોઈએ તે હકીકતોને ધ્યાને લેતાં તેમજ સદર કામે રીવીઝન દાખલ કરવા માટે કલેકટરશ્રીની પરવાનગી લેવામાં સમય ગયેલ હોઈ, વ્યાજબી કારણ જોતાં વિલંબ માફ કરવા માટેનું પૂરતું અને વ્યાજબી કારણ હોઈ હાલની વિલંબ માફીની અરજી મંજૂર કરવી ન્યાયના હિતમાં યોગ્ય અને વ્યાજબી જણાતું હોઈ નીચે મુજબનો હુકમ કરું છું.

**–/ હુ ક મ /–**

(૧) અરજદારની સદર વિલંબ માફીની અરજી મંજૂર કરવામાં આવે છે.

(૨) અરજદારને અપીલ દાખલ કરવામાં થયેલ ૬૭ દિવસનો વિલંબ માફ કરવામાં આવે છે.

(૩) અરજદારની રીવીઝન નિયમ મુજબ રજીસ્ટરે લેવી અને નિયમ મુજબની આગળની યોગ્ય તે કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમની જરૂરી યાદી કરવી.

આ હુકમ આજરોજ તારીખઃ ૨૨ માહેઃ જુન સનેઃ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

આણંદ.

તારીખઃ ૨૨–૦૬–૨૦૨૬.

**(સંજયકુમાર લવજીભાઈ ઠક્કર)**
પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ
આણંદ.
(કોડ નં.જી.જે.૦૦૫૮૮)

IBRaval